સંગ્રામ ગુજરાતનો

# વોટબેંકની રાજનીતિ માટે કોંગ્રેસ સેનાના હાથ બાંધી રાખતી :મોદી

## આ ચૂંટણી ન નરેન્દ્ર લડે છે ન ભૂપેન્દ્ર.. પરંતુ ગુજરાતની જનતા લડી રહી છે:પીએમ

જામનગર, તા.૨૮

ગુજરાતનો ગઢ જીતવા ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ રીતસરના રાજકીય મેદાને ઉતાર્યા છે. જેમાં પોતપોતાના પક્ષના ઉમેદવારોને જીતાડવા લોકપ્રિય નેતાઓ ઠેકઠેકાણે સભાઓ ગજવી રહ્યાં છે. ત્યારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહીત અનેક નેતાઓ ગુજરાત પ્રવાસે છે. વડાપ્રધાન મોદી ગુજરાતમા વિવિધ જિલ્લાઓમાં પ્રચંડ પ્રચાર કરી રહ્યાં છે. જામનગરમાં તેમણે જનસભાને સંબોધી હતી અને જેમાં તેમણે વિકાસની વાત અને જીતનું હુંકાર કર્યો છે.

વડાપ્રધાન મોદીએ જામનગરમાં કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના સમયમાં વોંટબેંક વ્હાલા દવલાની નીતિ હતી અને કોંગ્રેસના દિવસો યાદ કરવા ખૂબ જ જરૂરી છે તેમણે કહ્યું કે, ગુજરાતમાં જે શાંતિ છે તેના પાયામાં પ્રગતિ છે અને એક મજબૂત સરકાર નક્શલવાદીઓને ઘરમાં જઈ મારી આવે તેમણે કહ્યું કે, કોરોનાકાળ બાદ પણ દુનિયામાં કરોડો લોકોની નોકરીઓમાંથી છટણી થઈ ભારતમાં તે શક્યતા નહીંવત થઈ ગઈ, નાના-મોટા ઉદ્યોગો આજે પહેલાથી જેમ જ ધમધમી રહ્યા છે તેમણે કહ્યું કે, આજે દુનિયામાં આપણા દેશનો ડંકો વાગી રહ્યો છે. અને ડિજિટલ ઈન્ડિયાની વિદેશમાં પણ ચર્ચા થાય છે. તેમણે કહ્યું કે, પાંચ વર્ષ માટેની નથી પરંતુ આગામી પંચીસ વર્ષના ગુજરાતના ભવિષ્ય માટેની આ ચૂંટણી છે.આપણા બેટ દ્વારકામાં સિગ્નેચર બ્રિજ ટુરિસ્ટ માટે મોટામાં મોટું આકર્ષણ બનવાની દિશામાં કામ કરાઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, આખી દુનિયાને હવે ભારત વિશે જાણવું છે, જોવું છે અને સમજવું છે તેમણે કહ્યું કે, આપણે ગુજરાતને એવું ચેતનવંતુ બનાવીએ કે દુનિયાભરના પ્રવાસીઓ અહીં આવે તેમણે કહ્યું કે, આ ચૂંટણી ન નરેન્દ્ર લડે છે કે ન ભૂપેન્દ્ર લડે છે પરંતુ આ ચૂંટણી ગુજરાતની જનતા લડી રહી છે તેમજ આપણે નક્કી કર્યું છે કે, આ દેશમાં મેડીકલ અને એન્જિનિયરીંગના શિક્ષણ પણ માતૃભાષામાં થવું જોઈએ તેમણે ઉમેર્યું કે, આજે ડિજિટલ ઈન્ડિયાની ચ્કચા વિદેશમાં થઈ રહી છે. અને દુનિયામાં ચાલીસ ટકા ડિજિટલ પેમેન્ટ ફક્ત ભારતમાં થાય છે અને ડિજિટલ ઈન્ડિયાનો સૌથી વધુ લાભ યુવા પેઢીને મળવાનો છે.



તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, ભારતમાં અનેક રાજ્યો એવા છે કે એકવાર કોંગ્રેસ ગઈ તો પછી ફરી ત્યા પેસવા જ નથી દીધીસ તેમણે કહ્યું કે, ૨૦ વર્ષ પહેલા ગુજરાતમાં ૧૧ મેડીકલ કોલેજ હતી જ્યારે આજે ૩૬ મેડીકલ કોલેજ છે અને ૨૦ વર્ષ પહેલા સરકારી હોસ્પિટલમાં ૧૫,૦૦૦ પથારી હતી આજે ૬૦,૦૦૦ જેટલી છે તેમણે કહ્યું કે, જામનગર ટ્રેડિશ્નલ મેડીસીનની દુનિયામાં મોટુ કેન્દ્ર બનવાનું છે તેનો પાયો અમે નાખી દીધો છે અને વોટબેંકની રાજનીતિ માટે કોંગ્રેસ સેનાના હાથ બાંધી રાખતી હતી

# કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજગુરૂ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

## ચૂંટણીની જાહેર સભામાં વિવાદિત નિવેદન આપતા ભાજપ દ્વારા ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવી

રાજકોટ, તા.૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મતદાનની તારીખો નજીક આવી રહી છે. રાજ્યમાં ચારેકોર રાજકીય ઉત્સવ જોવા મળી રહ્યો છે. તમામ રાજકીય પક્ષો પ્રચારો, સભાઓ, મુલાકાતો કરી મતદારોના મન પર બેસવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરાઈ છે. ભાજપ દ્વારા ઈન્દ્રનીલ રાજયગુરુ સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવી છે.



આ મામલાની વિગત મુજબ રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુએ ચૂંટણીની જાહેર સભામાં વિવાદિત નિવેદન આપતા ભાજપે ફરિયાદ કરી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસના ઉમેદવાર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરાઈ છે. ભાજપે કહ્યું કે, ઈન્દ્રનીલ રાજગુરુએ આદર્શ આચારસંહિતાનો ભંગ કર્યો છે.

રાજકોટ પૂર્વના કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુનો એક જનસભામાં સંબોધન કરતો વીડિયો વાયરલ થઈ રહ્યો હતો જે મુદ્દે હોબાળો મચ્યો હતો. જનસભામાં ઈન્દ્રનીલ રાજ્યગુરુના જણાવ્યા મુજબ 'સોમનાથમાં અલ્લાહ રહે છે અને અજમેર શરીફમાં મહાદેવ બેઠા છે'. અહેવાલો મુજબ ઈન્દ્રનીલ રાજ્યગુરુના જનસભામાં કરાયેલા નિવેદન બાદ ભીડે અલ્લાહ-હૂ-અકબરના નારા લગાવ્યા.

ઉલ્લેખનીય છે કે, ઈન્દ્રનીલ રાજગુરુએ ચૂંટણી પ્રચાર દરમિયાન જંગલેશ્વરમાં જનસભા સંબોધી હતી.

પોતાની જાહેર સભા દરમિયાન 'જય જય કાર કરું છું, હું મહાદેવનો જય જય કાર કરું છું' જેવા શબ્દો ઉચ્ચારવા બદલ આ ફરિયાદ કરાઈ છે.

# BAPS સ્વામિનારાયણ મંદિરમાં ૨૪માં પાટોત્સવની ઉજવણી

## પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરીને ભારતની વિરાસતને સમગ્ર વિશ્વમાં ઉજાગર કરી હતી

રાજકોટ, તા.૨૮

રાજકોટના મ્છઁજી સ્વામિનારાયણ મંદિરમાં ૨૪માં પાટોત્સવની ઉજવણી કરવામાંઆવી હતી. આ દરમિયાન ભાજપના ઉમેદવાર ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ અને ભાનુબેનબાબરિયા ઉપસ્થિત રહ્યાં હતા અને આશિર્વાદ મેળવ્યાં હતાં. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ઉમેદવારો પોતાનો જોરશોરથી પ્રચાર કરી રહ્યાં છે. એવામાં ભાજપના ઉમેદવારોઆજે મ્છઁજી સ્વામિનારાયણ મંદિરમાં આશિર્વાદ લેવા પહોંચ્યા હતા. તમને જણાવી દયે કે ૨૪ વર્ષ પહેલા એટલે કે ૧૯૯૮માંપૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે શહેરની શાન એવા ભવ્ય અને દિવ્ય મંદિરની ભેટ આપી હતી. ત્યારે આ મંદિરના ૨૪માં પાટોત્સવ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.વહેલી સવારે ૭-૩૦ વાગ્યે સંતોની હાજરીમાં પંચામૃત જળથી અભિષેકવિધિ અને પૂજનવિધિ કરવામાં આવી હતી. ભગવાને આભૂષણો અને વાઘા પહેરવવામાં આવ્યાં હતાં. અને અન્નકુટ ધરવામાં આવ્યો હતો. જે બાદ ઠાકોરજીની શણગારઆરતી કરવામાં આવી હતી.આ કાર્યક્રમના અંતમાં મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. તમને જણાવી દયે કે પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરીને ભારતની વિરાસતને સમગ્ર વિશ્વમાં ઉજાગર કરી હતી. ભક્તો દ્વારા ધામધૂમ પૂર્વક પાઠોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

# મધ્ય ગુજરાતની ૩૪ બેઠકો ઉપર ૧૭ મહિલા ઉમેદવાર

## ભાજપની-૩, કોંગ્રેસની છ મહિલા, મધ્ય ગુજરાતની ૩૪ બેઠક ઉપર કુલ ૨૨૫ ઉમેદવારો, તેમાંથી ૧૭ મહિલાઓ ચૂંટણી સ્પર્ધામાં

વડોદરા, તા.૨૮

ગુજરાત વિધાનસભાની મધ્ય ગુજરાતની વડોદરા, ભરુચ, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર અને નર્મદા એમ સાત જિલ્લાની ૩૪ બેઠક ઉપર આ વખતે ૧૭ મહિલાઓ ચૂંટણીના જંગમાં છે. જેમાં ભાજપની-૩ અને કોંગ્રેસની છ મહિલાનો સમાવેશ થાય છે. મધ્ય ગુજરાતની ૩૪ બેઠક ઉપર કુલ ૨૨૫ ઉમેદવારો છે, તેમાંથી ૧૭ મહિલાઓ ચૂંટણી સ્પર્ધામાં છે. નર્મદા જિલ્લાની નાંદોદ બેઠક પર ભાજપે સૌપ્રથમ વખત મહિલા ઉમેદવાર ડો. દર્શના દેશમુખની ટિકિટ આપી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ડેડીયાપાડામાં બીજી વખત મહિલા ઉમેદવાર ચૂંટણી જંગમાં છે. આ વખતે ત્યાં કોંગ્રેસમાંથી જેરમાબેન વસાવા છે. પંચમહાલમાં ગોધરા બેઠક પર કોંગ્રેસના રશ્મિકાબેનનો ભાજપના ઉમેદવાર સામે મુકાબલો થશે. જ્યારે મોરવા હડફ બેઠક પર ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રી પદ ભોગવનાર નિમિષાબેન સુથારની ટક્કર કોંગ્રેસના સ્નેહલતાબેન ખાંટ સાથે થશે. દાહોદમાં ગરબાડા બેઠક પરથી કોંગ્રેસના ચંદ્રિકાબેન બારીયા ચૂંટણી લડી રહ્યા છે. વડોદરા શહેર વાડી બેઠક પરથી મંત્રી મનીષાબેન વકીલને ભાજપે પુનઃટીકીટ આપીને મેદાનમાં ઉતાર્યા છે. વડોદરાની સયાજીગંજ બેઠકમાં કોંગ્રેસના અમીબેન રાવત જ્યારે માંજલપુરમાં કોંગ્રેસના ડો.તસવીન સિંગ ચૂંટણી મેદાનમાં છે. આ સિવાય મહીસાગરમાં બે, છોટાઉદેપુર જિલ્લામાં એક, ભરૂચ જિલ્લામાં એક, વડોદરા જિલ્લામાં બે, પંચમહાલ જિલ્લામાં બે મહિલા ઉમેદવાર સ્પર્ધામાં છે. જે અપક્ષ અથવા તો બીજા પક્ષ સાથે સંકળાયેલા છે. વર્ષ ૨૦૧૭ ની ચૂંટણીમાં મધ્ય ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસે માત્ર ચાર મહિલા ઉમેદવારને ટિકિટ આપી હતી. ગરબાડાની બેઠક પરથી કોંગ્રેસના મહિલા ઉમેદવારે અને બાકીની ત્રણ વડોદરા શહેર, અકોટા અને કાલોલ બેઠક ભાજપે જીતી લીધી હતી. મહિલાઓમાં અકોટા બેઠકના ઉમેદવાર સીમાબેનને સૌથી વધુ ૫૭,૧૩૯ મતની લીડ મેળવી હતી.

# ચૂંટણીનો સમય ખોટો દર્શાવવા બદલ ગ્યાસુદીન શેખ સામે ફરિયાદ

## શેખે પ્રચાર માટે તેમના વિસ્તારમાં વહેંચવામાં આવેલી પત્રિકામાં મુદ્રકનું નામ, સરનામું અને સંખ્યા નિયમ મુજબ ન દર્શાવ્યું હોવાનું ફરિયાદમા જણાવાયું

અમદાવાદ, તા.૨૮

કોંગ્રેસ નેતા અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર ગ્યાસુદીન શેખ સામે ફરિયાદ નોંધાઈ છે. દરિયાપુરના કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદીન શેખે પત્રિકામાં ચૂંટણીનો સમય ખોટો દર્શાવ્યો હોવાથી તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. ગ્યાસુદિન શેખ વિરૂધ્ધ ઈ.પી. કો ૧૮૮ શ્લોક પ્રતિનિધિત્વ ૧૨૭ (અ) હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે ગ્યાસુદીન શેખે ચૂંટણી પ્રચાર માટે તેમના વિસ્તારમાં વહેંચવામાં આવેલી પત્રિકામાં મુદ્રકનું નામ, સરનામું અને સંખ્યા નિયમ મુજબ ન દર્શાવ્યુ હોવાનું ફરિયાદમા જણાવાયું છે. મદદનીશ ચૂંટણી અધિકારીએ ફરિયાદ નોંધાવી છે. પત્રિકામાં મતદાન માટેનો સમય ૮થી ૬ નો દર્શાવ્યો છે. જે સંદર્ભે ગ્યાસુદીન શેખે હકીકતલક્ષી જવાબ રજૂ કર્યો હતો. આ પત્રિકા કાર્યકરોને નિયમની જાણકારી વિના શરતચૂકથી છપાઈ હોવાનો જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. આ મામલે માધવપુરા પોલીસ સ્ટેશનમાં ગ્યાસુદીન શેખ સામે ફરિયાદ નોંધાઈ છે. સાથે જ ચિરાગ પ્રિન્ટર્સના મુદ્રક-પ્રકાશક સામે પોલીસે તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છેકે ૨૦૧૭માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં દરિયાપુર વિધાનસભા ક્ષેત્રના મતદારોની કુલ ટકાવારી ૫૦.૦૦ નોંધાઈ હતી અને કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદીન શેખે ભાજપના ભરત બારોટને હરાવ્યા હતા.

# ગોધરા બેઠક માટે પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું

## વિધાનસભાની ચૂંટણીમાં કોમી રીતે સંવેદનશીલ ગણાતા ગુજરાતના ગોધરામાં તેનું રાજકીય મેદાન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે

ગોધરા, તા.૨૮

ગુજરાતમાં ચૂંટણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ પક્ષોના નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. તમામ પક્ષો અલગ-અલગ વિસ્તારોમાં પોતાનો ગઢ મજબૂત કરવામાં વ્યસ્ત છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM) આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં કોમી રીતે સંવેદનશીલ ગણાતા ગુજરાતના ગોધરામાં તેનું રાજકીય મેદાન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. કારણ કે આ પાર્ટીએ ગયા વર્ષની નાગરિક ચૂંટણીમાં અહીં સારું પ્રદર્શન કર્યુ હતુ. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીને આશા છે કે, આ ચૂંટણીમાં મુસ્લિમ મતદારોનું સંપૂર્ણ સમર્થન હશે અને અન્ય ઉમેદવારો વચ્ચે મતોનું વિભાજન થશે, જે તેમનો રસ્તો સરળ બનાવી શકે છે. ગયા વર્ષે યોજાયેલી ગોધરા નગરપાલિકાની ચૂંટણીમાં AIMIMએ સાત બેઠકો જીતી હતી અને ભાજપને સત્તાથી દૂર રાખવા માટે અપક્ષો સાથે ગઠબંધન કર્યુ હતું. ઓવૈસીની પાર્ટીના સમર્થનથી અપક્ષ સંજય સોની ફેબ્રુઆરી ૨૦૨૧માં નગરપાલિકાના અધ્યક્ષ બન્યા હતા, પરંતુ ગયા વર્ષે નવેમ્બરમાં ભાજપનું સમર્થન મળતાં તેમણે AIMIM છોડી દીધું હતું.આ વખતે AIMIM પોતાની પકડ મજબૂત કરવા અને ગોધરા વિધાનસભા બેઠક જીતવાનો પ્રયાસ કરી રહ્યું છે. હાલમાં અહીંથી ભાજપના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૦૨માં પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલું આ શહેર ગોધરા કાંડ બાદ ચર્ચામાં આવ્યું હતું. તે ઘટનામાં ૫૯ કાર સેવકો માર્યા ગયા હતા. ત્યારપછી આખાય રાજ્યમાં હિંસા ફાટી નીકળી હતી. જેના કારણે ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.ગોધરા ગુજરાતની ૧૪ વિધાનસભા બેઠકોમાંથી એક છે. જ્યાં AIMIM આ વખતે ચૂંટણી લડી રહી છે. ઓવૈસીએ અહીંથી પોતાના ઉમેદવાર હસન શબ્બીર કાચબાના સમર્થનમાં એક વિશાળ સભાને સંબોધિત કરી હતી. ભાજપે અહીં પોતાના વર્તમાન ધારાસભ્ય સી.કે.રાઉલજીને ટિકિટ આપી છે. કોંગ્રેસે રશ્મિતાબેન ચૌહાણ અને આમ આદમી પાર્ટીએ રાજેશભાઈ પટેલને ઉમેદવાર બનાવ્યા છે.

AIMIMના કાઉન્સિલરોએ આક્ષેપ કર્યો હતો કે, ગોધરાની મુસ્લિમ બહુમતીવાળી વસાહતોને વિકાસથી અવગણવામાં આવી છે અને લોકોને રોડ, સ્વચ્છતા અને પાણીની પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. કાઉન્સિલર ફૈઝલ સુલેજા કહે છે, 'પહેલાં અહીં વિકાસ થયો હતો, પરંતુ માત્ર ૫૦ ટકા વિસ્તારમાં જ. આ બીજી બાજુ (હિંદુઓ અને અન્ય સમુદાયોની વસ્તીવાળા વિસ્તારોમાં) બન્યું છે.' એઆઈએમઆઈએમના અન્ય કોર્પોરેટર આઈઝેક એમ ગનચીભાઈ કહે છે કે, 'તેમના પક્ષના કોર્પોરેટરોએ નક્કી કર્યું છે કે, વિકાસના નાણાં તમામ વિસ્તારોમાં સમાનરૂપે વહેંચવામાં આવે.' ગોધરા વિધાનસભામાં લગભગ ૨,૭૯,૦૦૦ મતદારો છે, જેમાંથી ૭૨,૦૦૦ મુસ્લિમ છે. ગાંછીભાઈ કહે છે કે, 'જો મુસ્લિમ મતદારો સંપૂર્ણ સમર્થન આપે તો બહુકોણીય હરીફાઈમાં AIMIMની જીત નિશ્ચિત છે.' જો કે, અપક્ષ તરીકે નાગરિક ચૂંટણી લડનાર સોફિયા અનવા જમાલ કહે છે કે, 'છૈસૈંસ માત્ર મતોનું વિભાજન કરશે, જેનો ફાયદો આખરે ભાજપને થશે.'

# રેવડી બજારમાં આગ લાગી

## આગ પર કાબુ મેળવવાનું કામ ચાલુ છે. જોકે, કોઈ જાનહાની થઇ હોવાના સમાચાર નથી

અમદાવાદ, તા.૨૮

શહેરના રેવડી બજારમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. અહીં કામધેનુ માર્કેટના ભોંયરામાં અચાનક જ આગ ફાટી નીકળી હતી. જેના પગલે માર્કેટમાં નાસભાગ મચી હતી. કામધેનુ માર્કેટમાં ઘણી દુકાનો આવેલી હોવાથી આગને પગલે દોડધામ સર્જાઈ હતી. ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી છે અને આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જાહેરના જાણીતા રેવડી બજારમાં આવેલા કામધેનુ માર્કેટ બિલ્ડિંગના આગ લાગી છે. અહીં બિલ્ડિંગના ભોંયરામાં આગ લાગતાં આસપાસના દુકાનદારોએ નાસભાગ કરી હતી. આ બિલ્ડિંગમાં ઘણી દુકાનો આવેલી છે, ત્યારે આગને પગલે દુકાનદારો પણ ચિંતિત બન્યા હતા. આગની ઘટનાને પગલે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમ આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરી રહી છે. હાલ આગ પર કાબુ મેળવવાનું કામ ચાલુ છે. જોકે, કોઈ જાનહાની થઈ હોવાના સમાચાર નથી.

રેવડી બજાર વિસ્તારમાં કપડાં સહિતની અનેક દુકાનો આવેલી છે, જ્યારે આ વિસ્તાર વેપાર અર્થે ધમધમતો રહેતો હોય છે. આવામાં આગ લાગતાં દુકાનો પણ ચિંતામાં મૂકાયા હતા. રેવડી બજારમાં અનેક દુકાનો સાથે ગ્રાહકોનો પણ ઘસારો રહેતો હોય છે, ત્યારે આગ વધુ ફેલાય નહીં તે માટે ફાયરની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાલ આગ લાગવા પાછળનું કારણ સામે આવ્યું નથી.

## સુરતમાં કેજરીવાલના રોડ શોમાં પથ્થરમારો

સુરત, તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુરતમાં ચૂંટણી પ્રચાર કરવા આવ્યા છે. તેમણે અહીં મીની બજાર ચોકસી બજારમાં હીરા વેપારીઓ સાથે સંવાદ કર્યો હતો.

ત્યારબાદ કેજરીવાલે કતારગામ વિસ્તારમાં રોડ શો યોજ્યો હતો. આ રોડશોમાં નાનું છમકલું જોવા મળ્યું હતું. અહીં કેજરીવાલની ગાડી પર એક પથ્થર ફેંકવામાં આવ્યો હતો. સુરતમાં ચૂંટણી પ્રચાર માટે આવેલા કેજરીવાલે કારમાં રોડશો કર્યો હતો. અહીં મગનનગર નજીક ધનમોરા કોમ્પલેક્સ પર એક પથ્થર કોઈએ ફેંક્યો હતો. આ પથ્થર કારના બોનેટ પર પડ્યાં હતા. જેમાં કોઈને ઈજા થઈ નથી. ત્યારબાદ પોલીસના જવાનો મોટી સંખ્યામાં કેજરીવાલની સુરક્ષા માટે ગોઠવાઈ ગયા હતા.

### ઉમેદવારો છે.

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમરાઈવાડીના અપની જનતાપાર્ટીના સતીશ સોની, પ્રજા વિજય પક્ષના દાણીલીમડાના ઉમેદવાર કસ્તુરભાઈ પરમાર તેમજ સાબરમતી બેઠકના ડેમોક્રેટીક ભારતીય સમાજ પાર્ટીના જીવણ પરમાર પાસે કોઈ જ મિલ્કત નથી.

### સતત તેજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભંડોળના પ્રવાહે પણ સ્થાનિક એકમને ટેકો આપ્યો હતો.ઈન્ટરબેંક ફોરેક્સ માર્કેટમાં રૂપિયો ૮૧.૮૧ પર ખૂલ્યો હતો અને ૮૧.૬૧ની ઈન્ટ્રા-ડે હાઈ પર ટ્રેડ થયો હતો અને ગ્રીનબેક સામે ૮૧.૮૩ની નીચી સપાટીને સ્પર્શી હતો. બાદમાં તે ૮૧.૬૬ પર બંધ રહ્યો હતો. દરમિયાન, ડૉલર ઈન્ડેક્સ, જે છ ચલણોની બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈને માપે છે, તે ૦.૩૫ ટકા ઘટીને ૧૦૫.૫૯ પર આવી ગયો હતો.

### સુપ્રીમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટે એજી અને એસજીને કહ્યું કે તે સરકારને આ સુનિશ્ચિત કરવા માટેની સલાહ આપે કે, દેશના કાયદાનું પાલન કરવામાં આવે. કોલેજિયમ સિસ્ટમએ ન્યાયાધીશોની જાતે જ જજોની નિમણૂક કરવાની પ્રથા છે અને આ અંગે સરકાર અને સર્વોચ્ચ અદાલત વચ્ચે કેટલાક મતભેદો છે.
કેન્દ્રીય કાયદા અને ન્યાય પ્રધાન કિરેન રિજિજુએ ગયા મહિને કહ્યું હતું કે, દેશના લોકો કોલેજિયમ સિસ્ટમથી ખુશ નથી અને બંધારણની ભાવના મુજબ ન્યાયાધીશોની નિમણૂક કરવાનું સરકારનું કામ છે. આ કેસની આગામી સુનાવણી ૮ ડિસેમ્બરે થશે.
ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ યુ. યૂ. લલિતે ૧૩ નવેમ્બરે કહ્યું હતું કે, કોલેજિયમ સિસ્ટમમાં કંઈ ખોટું નથી. તેમણે એક મુલાકાતમાં કહ્યું હતું કે, 'કોલેજિયમ સિસ્ટમ અહીં અસ્તિત્વમાં રહેશે અને તે એક સ્થાપિત ધોરણ છે, જ્યાં ન્યાયાધીશ જ ન્યાયાધીશની પસંદગી કરે છે.'

### પરિણામ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સતત બે વખતથી હરિયાણામાં ભાજપની સરકાર છે. આ ચૂંટણીમાં ભાજપે જીત માટે પૂરી તાકાત લગાવી દીધી. મુખ્યમંત્રી પણ પ્રચાર કરતા જોવા મળ્યા. પરંતુ જ્યારે રિઝલ્ટ આવ્યા તો ભાજપે ૨૧ ટકા બેઠક મેળવી શકી. ૧૦૨માંથી ભાજપને કુલ ૨૨ વોર્ડમાં જીત મળી છે. જેમાં પણ પંચકુલા અને સિરસામાં પાર્ટીનું સૂપડુ સાફ થઈ ગયુ. આ ચૂંટણીમાં આપએ કુલ ૧૧૪ ઉમેદવાર ઉતાર્યા હતા. જેમાંથી ૧૦૦ ઉમેદવારો હારી ગયા છે. જે ૧૪ ઉમેદવાર જીત્યા છે તે પંજાબના વિસ્તારો સાથે સંબંધ ધરાવે છે.
આ ચૂંટણીમાં કોંગ્રેસ સમર્થિત ૩૯ ઉમેદવાર જીતી ગયા છે. જોકે આ ચૂંટણીમાં કોંગ્રેસનો આંતરિક વિવાદ અસરકારક રહ્યો.

### અંધારપટ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાના કારણે પાયલટને ઉંચાઈનો ખ્યાલ ન રહ્યો. તેના કારણે આ વિમાન વિજળીના તારમાં ફસાઈ ગયું. જો કે, દુર્ઘટનાનું અસલી કારણ શું છે તેની પુષ્ટિ થઈ નથી. જમીનથી લગભગ ૧૦૦ ફુટ ઉંચાઈ પર વિમાન પાયલટ અને બે યાત્રીઓને ભારે જહેમત બાદ બચાવી લેવામાં આવ્યા હતા. ઈલેક્ટ્રિક પાવર કંપની પેપ્કોએ રવિવારે રાત પુષ્ટિ કરી છે કે, એક ખાનગી વિમાન રોથબરી ડ્રાઈવ અને ગોશેન રોડના ચોક નજીક કંપનીની એરિયલ ટ્રાંસમિશન લાઈન સાથે ટકરાઈ ગયું. કંપનીએ ત્યારે કહ્યું હતું કે, કિપૂરે કાઉંટીમાં લગભગ ૮૫,૦૦૦ ગ્રાહકો લાઈટ વિના બેઠા છે અને તે મોન્ટગોમરી કાઉંટી ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસિઝ સાથે મળીને વિજળી ચાલું કરવામાં લાગી ગયા છે.